Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

24

# મહેસાણાનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કરાવતા શિક્ષકોની ક્ષમતા

**હાર્દિકકુમાર રમેશચંદ્ર પુરાણી**

રીસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**ડૉ. જગદીશ કે. રણોદરા**

અસોસિએટ પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

**સંક્ષિપ્ત**

આજે શાળા-કૉલેજોમાં સંસ્કૃત લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જાય છે ને પાંચ-દસ વર્ષમાં સંસ્કૃત સાથે બી.એ., એમ.એ. તો શું, એસ.એસ.સી. થનારા પણ ગણ્યા ગાંઠ્યા વિદ્યાર્થીઓ મળી આવે તેવી સ્થિતિ છે. સંસ્કૃત તથા વેદનો આખો વૈભવપૂર્ણ વારસો નષ્ટ થવા બેઠો છે એને ઉગારવા માટે કોણ પ્રચંડ પુરુષાર્થ કરશે ?”

મહેસાણાનાં માધ્યમિક વિદ્યાલયોમાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કરાવતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, જાતીયતા વિષયક અને શિક્ષણના અધ્યાપન માટે શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવાતી શિક્ષણ પદ્ધતિની વિશેષતાઓની જાણકારી મેળવવા મહેસાણા જિલ્લાની શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક વિદ્યાલયોમાં અભ્યાસ કરાવતા અધ્યાપકો 150 પુરુષ અને 150 મહિલા શિક્ષકોના કુલ 300 નમૂના દ્વારા સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:** મહેસાણા જિલ્લો, માધ્યમિક વિદ્યાલયો, સંસ્કૃત, શિક્ષકોની ક્ષમતા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

## 1. પ્રસ્તાવના

“સંસ્કૃત = सम्+कृ+त । જેમાં સમ્ એટલે સારી રીતે, ૃ એટલે કરવું, ત્ એ ભૂતકૃદંતનો પ્રત્યય છે. તેથી સારી રીતે કરવું તે સંસ્કૃત ભાષા. સંસ્કૃતનો એક અર્થ ‘સંસ્કાર’ થાય છે. એ રીતે ‘સંસ્કાર’ આપેલું કે ‘સંસ્કાર’ પામેલું આ અર્થમાં સંસ્કાર ફેલાવનારી ભાષા તે સંસ્કૃત ભાષા. શણગારેલું, ચોખ્ખું કરેલું, પવિત્ર બનાવેલું તે સંસ્કૃત ભાષા. શુદ્ધ સંસ્કાર પામેલી શિષ્ટ વર્ગની ભાષા તે સંસ્કૃત ભાષા. દેવવાણી, ગીર્વાણવાણી, સુરવાણી તે સંસ્કૃત ભાષા. આર્યોની મૂળ ભાષા, આર્યોનું સાહિત્ય જેમાં લખાયેલું છે તે વૈદિક સંસ્કૃતમાંથી ઉત્પન્ન થયેલી ભાષા તે સંસ્કૃત ભાષા.”

સંસ્કૃત એક ભાષા છે, જે સૌથી પ્રાચીન માનવામાં આવે છે. ભાષાનું અધ્યયન અને અધિગ્રહણ અનેક પરિબળોથી પ્રભાવિત થાય છે. ભાષાના અધિગ્રહણની સંભાવના આંતરિક અને બાહ્ય પરિબળો ઉપર અવલંબે છે. ભાષા અધ્યયનના ક્ષેત્રમાં કાર્ય કરનાર સ્ટેવિકના મત અનુસાર "During the process of language learning & teaching, there may be multiple types of variables can affect. It could be defined as internal & external variables." (Stavick 1980), જેનો અર્થ એ થયો કે ભાષા અધિગ્રહણ માટે આંતરિક અને બાહ્ય પરિબળો મહત્ત્વપૂર્ણ રીતે કાર્યરત છે. ભાષા અર્થમહણ માટેના મહત્ત્વપૂર્ણ પરિબળોની ચર્ચા કરીએ કે જે પરિબળો વ્યક્તિને ભાષાનું અધિગ્રહણ કરવા માટે સક્રિય કરે, ભાષા અધિગ્રહણના આવશ્યક તત્ત્વો પૂરા પાડે, વાતાવરણ પુરું પાડે, ભાષાને સમજવા માટેની તકો ઊભી કરે, ભાષાના ગુઢ અર્થો સ્પષ્ટ કરે, ભાષા સમજવા માટે પૃષ્ઠભૂમિ તૈયાર કરે અથવા એથી વિરુદ્ધ ભાષા ન સમજાય છે કે કેમ તે તપાસવા માટે પ્રસ્તુત શોધપત્ર તૈયાર કરવામાં આવ્યું છે.

## 2. સાહિત્ય સમીક્ષા

- **Shastri (1989),** પ્રસ્તુત અભ્યાસ સંસ્કૃત વિષય શિક્ષણના અધ્યાપન સંદર્ભમાં ઉપસ્થિત થતી સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરાયો હતો. જે માટે ગ્રામ અને શહેરી વિસ્તારોમાં કાર્યરત સંસ્કૃત વિષય શિક્ષણ આપતા 200 શિક્ષકોને નમૂનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. આ શિક્ષકો ઉચ્ચતર પ્રાથમિક અને માધ્યમિક વિધાલયોમાં અધ્યાપનકાર્ય કરનારા હતા. મોટા ભાગના સંસ્કૃત ભાષાના

શિક્ષકો પૂર્વસ્નાતક કક્ષાના જોવા મળ્યા હતા. ત્રીસ ટકા સંસ્કૃત વિષય શીખવતા શિક્ષકો એવા હતા કે જેઓને સંસ્કૃત વિષય શીખવવા માટે કહેવામાં આવ્યું હતું. અલબત્ત, તેઓ સંસ્કૃત વિષયના સંદર્ભમાં શૈક્ષણિક લાયકાત ધરાવતા ન હતા.

- **ટંડેલ (2008),** નવસારી જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ પરથી જાણવા મળે છે કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિધાર્થીઓને વ્યાકરણના જ્ઞાનમાં ભાષાંતર કરવું કઠિન લાગે છે અને વિધાર્થીઓને સંસ્કૃત વિષયનું વ્યાકરણ શિક્ષણ સરળ લાગે છે. સંસ્કૃત વિષયનું અધ્યાપન કાર્ય વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં લઇ કરવામાં આવતું નથી.
- **બગડા (2008),** સુરત શહેરની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિના અભ્યાસ માટે સર્વેક્ષણ પદ્ધતિથી કુલ 85 માધ્યમિક શાળાઓના 120 શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. જેના તારણો (1) સંસ્કૃત વિષય શિક્ષણથી વિધાર્થીઓનું શબ્દ ભંડોળ વધે છે (2) સંસ્કૃત વ્યાકરણ માટે પ્રમાણમાં ઓછા તાસો ફળવાય છે. (3) સંસ્કૃત વિષયનું સ્વાધ્યાય કાર્ય નિયમિત રીતે તપાસાય છે. (4) અન્ય વિષયોની તુલનામાં વિધાર્થીઓના સંસ્કૃત વિષયમાં વિશેષ ગુણ આવે છે.

## 3. સંશોધનના હેતુઓ

- મહેસાણાનાં માધ્યમિક વિધાલયોમાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કરાવતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, જાતીયતા વિષયક અભ્યાસ કરવો.
- મહેસાણાનાં માધયમિક વિધાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણના અધ્યાપન માટે શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવાતી શિક્ષણ પદ્ધતિની વિશેષતાઓ વિશે શિક્ષકોના અભિપ્રાયોની જાણકારી મેળવવી.

## 4. સંશોધન પ્રશ્નો

- મહેસાણાનાં માધ્યમિક વિધાલયોમાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કરાવતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, જાતીયતા કેવી છે?

- મહેસાણાનાં માધયમિક વિધાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણના અધ્યાપન માટે શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવાતી શિક્ષણ પદ્ધતિ કેવી છે?
- મહેસાણાનાં માધયમિક વિધાલયોમાં સંસ્કૃત વિષય શિક્ષણના અધ્યાપન માટે શિક્ષકોની શૈક્ષણિક વિશેષતાઓ વિશે શિક્ષકોના અભિપ્રાયો કેવા છે?

## 4. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ અર્થે સર્વેક્ષણ પદ્ધતિ અપનાવી છે, તેના ભાગરૂપે નાના નમૂના પર પ્રાયોગિક સંશોધન પણ હાથ ધર્યું છે. સંશોધકે નમૂનામાં સમાવિષ્ટ પાત્રો પાસેથી માહિતી એકત્ર કરવા પાંચ પ્રશ્નો દ્વારા અભિપ્રાયો લેવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે.


| પ્રશ્ન | સંપૂર્ણ સંમત | અંશહ સંમત | તટસ્થ | અંશહ અસંમત | અસંમત |
|---|---|---|---|---|---|
| પ્રશ્ન | 10 | 8 | 6 | 2 | 0 |

મહેસાણા જિલ્લાની શહેરી વિસ્તાર અને મહેસાણા ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક વિધાલયોમાં અભ્યાસ કરાવતા અધ્યાપકો 150 પુરુષ અને 150 મહિલા શિક્ષકોના કુલ 300 નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા છે અને આ નમૂનાઓ મારફતે સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

## 5. શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગેનું વિવરણ

મહેસાણા જિલ્લાની શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરાવતા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત દર્શાવતું કોષ્ટક આ પ્રમાણે છે.

| લાયકાત | પુરુષ | મહિલા | કુલ |
|---|---|---|---|
| સ્નાતક | 43 | 28 | 71 |
| અનુસ્નાતક | 107 | 122 | 229 |
| કુલ | 150 | 150 | 300 |





ઉપરોક્ત કોષ્ટક અને આલેખનું અવલોકન કરતા ફલિત થાય છે કે 76.33% શિક્ષકો અનુસ્નાતક છે જેમાંથી 107 પુરુષો અને 122 મહિલા શિક્ષકો જોવા મળે છે. જ્યારે 23.67% શિક્ષકો સ્નાતક સુધીનો અભ્યાસ કરેલ છે, જેમાંથી 43 પુરુષ અને 28 મહિલા શિક્ષકો છે.

## 6. શિક્ષકોની શૈક્ષણિક વિશેષતા અંગેનું વિવરણ

મહેસાણા જિલ્લાની શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરાવતા શિક્ષકોની શૈક્ષણિક વિશેષતાઓ દર્શાવતું કોષ્ટક આ પ્રમાણે છે.

| વિશેષતા | પુરુષ | મહિલા | કુલ |
|---|---|---|---|
| વાંચન | 42 | 52 | 94 |
| લેખન | 36 | 17 | 53 |
| રમતગમત | 32 | 27 | 59 |
| જ્ઞાન સાથે ગમ્મત | 40 | 54 | 94 |
| કુલ | 150 | 150 | 300 |




ઉપરોક્ત કોષ્ટક અને આલેખ જાણવા મળે છે કે મહેસાણા જિલ્લામાં સંસ્કૃત અભ્યાસ કરાવતા સૌથી વધુ 76.33% એટલે કે 42 પુરુષ અને 52 મહિલા શિક્ષકોમાં લેખનની વિશેષતા જોવા મળે છે, જ્યારે 31.33% એટલે કે 40 પુરુષ અને 54 મહિલા શિક્ષકોમાં ગમ્મત સાથે જ્ઞાન  આપવાની વિશેષતા જોવા મળે છે. 23.67% એટલે કે 42 પુરુષ અને 52 મહિલા શિક્ષકોમાં વાંચનની અને 19.67% એટલે કે 32 પુરુષ અને 27 મહિલા શિક્ષકોમાં રમતગમતની વિશેષતા ધરાવતા શિક્ષકોની સંખ્યા સૌથી ઓછી છે.

## 7. તારણો

- મહેસાણા જિલ્લામાં સંસ્કૃત અભ્યાસ કરાવતા સૌથી વધુ શિક્ષકો અનુસ્નાતક છે, જેમાંથી પુરુષો શિક્ષકો વધુ છે.
- મહેસાણા જિલ્લામાં સંસ્કૃત અભ્યાસ કરાવતા શિક્ષકોમાં લેખનની વિશેષતા  સૌથી વધુ જોવા મળે છે, જેમાંથી મહિલા શિક્ષકો વધુ છે.

## સંદર્ભસૂચિ


- ટંડેલ, એ. ડી. (2008). નવસારી જિલ્લાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ. અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.
- બગડા, જી. એમ. (2008). સુરત શહેરની માધ્યમિક શાળાઓમાં સંસ્કૃત વિષય શિક્ષણની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ. અપ્રકાશિત એમ.એડ્. લઘુશોધ નિબંધ, સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.
- મહેન્દ્ર મેઘાણી (સંદર્ભ કિ.ઘ. મશરૂવાળા), બંધ પેટીઓ : અટપટી ચાવીઓ; લેખ- ગુજરાતી સાહિત્ય પરિષદ, જોડણી અંગેનો પરિસંવાદ; અમદાવાદ, 1995.
- Davis Fredrich B., The Teaching of Comprehension in reading in Secondary School, Education 76(May-1956).
- Edward L. Thondike, Reading as Reasoning. A study of Mistake in Paragraph Reading, Journal of Education and Psychol- ogy, 8, June, 1967, P.331.
- Guy L. Bond, (etal), Developement Reading in High School, New York: The Mac Millon and Co., 1941. P.53.
- John T. Deboer and Martha Collmann, The Teaching of reading, NewYork, Rimehart and Winston, Inc., 1964, P.4.
- Robert C. Aukerman, Reading in the Secondary class room, New York: Mecrew Hall Bookj Company, 1972, P. 325.
- Shastri, V. D. (1989). A Study of the Existing Position of Teaching of Sanskrit Language. In M. B. Buch. Fifth Survey of Educational Research (1988-92). New. Delhi : NCERT, Shree Aravindo Marg. P. 782.